
P.07
નુસરત ભરૂચા વાનખેડે સ્ટેડિયમ પહોંચી, હાર્દિક પંડ્યાનો ચીયરલીડર બની

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673
તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૨૩૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર સુદ ૧૨ । પાના - ૦૮। કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 235 • Dt.09-04-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07
કંગનાએ પ્રધાનમંત્રીના વખાણ કર્યા,નરેન્દ્ર મોદી માનવ નથી પણ અવતાર છે

આગામી સમયમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને પંજાબમાં ભારે ગરમી પડશે 07



09
APRIL- 2025
WEDNESDAY



07 ૨૬/૧૧ હુમલાના આતંકવાદી તહવ્વુર રાણાની ભારત પ્રત્યાર્પણ સામેની અપીલ ફગાવી દેવામાં આવી


The Demand for Cyber Security Professionals at All-Time high across the world.
Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD
www.cyberoctet.com
Cyber Octet™
Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance
+91 74053 21234

**ગુજરાત સરકારની જોગવાઇમાં ફેરફાર કર્યો । નિર્ણયથી જનતાને ફાયદો થશે**

**સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો । રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.**

# ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટી એક્ટમાં મોટા ફેરફાર

**એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઇ**


। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૯ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની જોગવાઈઓમાં જે સુધારા-વધારા કર્યાં છે તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુખ્યત્વે આ મુજબ છે - વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે. રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

## સ્ટેમ્પ ડ્યુટી એક્ટની સુધારેલી જોગવાઈઓએ ૧૦ એપ્રિલ ૨૦૨૫થી લાગૂ થશે




ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે

તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઇ કરવામાં આવી છે.

એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/– અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/–ની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઇ કરી છે. ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઇ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે. ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઇ પણ આ એક્ટમાં કરવામાં આવી છે.

## જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ

**સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો**



ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઇઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉદ્યોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે. વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઇઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ–લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

**મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા**

એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/– અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/–ની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઇ કરી છે. ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઇ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે. ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઇ પણ આ એક્ટમાં કરવામાં આવી છે. રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/–ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે. રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઇપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/–ની ડ્યુટીની હાલની જોગવાઇમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/– કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/– સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં વ્યાજખોરોથી કંટાળીને દંપતીનો જીવન ટૂંકાવવાનો પ્રયાસ

। પ્રતિનિધિ, સુરત, તા.૮ ।

સુરતમાં દંપતીએ એકસાથે આપઘાતનો પ્રયાસ કર્યાની માહિતી સામે આવી છે. વ્યાજખોર સહિત ત્રણના ત્રાસથી પતિએ ઝેરી દવા પી લીધી હતી. પતિને જોઈ જતા તેણે પતિના હાથમાંથી ઝેરી દવા આંચકી લીધી અને પોતે પણ પી લીધી. હાલ પતિની હાલત ગંભીર છે અને પત્નીની સ્થિતિ સામાન્ય છે. પરિવારે વરાછા પોલીસ પર પણ ગેરવર્તન કર્યા હોવાનો આરોપ લગાવ્યો છે.

### જામજોધપુરમાં કરુણાંતિકા, બોરવેલ ચાલકે નિંદ્રાધીન બે મજુરોને અજાણતા કચડી નાખ્યા

। પ્રતિનિધિ, જામનગર,તા.૮ ।

જામનગર જિલ્લાના જામજોધપુરના વાડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક દુર્ઘટના સર્જાઈ હતી અને બે પરપ્રાંતિય શ્રમિક યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. પુરપાટ ઝડપે આવી રહેલા બોરવેલના ચાલકે નિંદ્રાધીન અવસ્થામાં રહેલા બંને શ્રમિકોને કચડી નાખતાં બન્નેના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા.આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના જામજોધપુરમાં વાડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક વાડીમાં બોરવેલનું કામ ચાલી રહ્યું હતું અને અંદાજે ૧૫૦૦ ફૂટબોર કરવા માટેનું નક્કી કરાયું હતું.

**રાજ્યમાં ગરમીનો પારો ઉચકાયો છે ત્યારે વધુ ગરમી વધવાની આગાહી**

# ગુજરાતના ૧૦ શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર । કચ્છ જિલ્લામાં એલર્ટ

**રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત । રાજ્યના ૧૦ શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ ગરમી નોંધાઈ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં ગરમીનો પારો ઉચકાયો છે ત્યારે વધુ ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે સાથો સાથ રાજ્યના વિવિધ વિસ્તારોમાં હિટવેવનું એલર્ટ પણ આપવામાં આવ્યું છે.કચ્છમાં રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ અપાયુ છે. ભાવનગર, બોટાદ, સુરતમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજ્યના ૧૦ શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ ગરમી



નોંધાઈ છે. વાત કરીએ રાજકોટમાં તો તાપમાનનો પારો ૪૪.૨ ડિગ્રીએ પહોંચ્યો છે જ્યારે ડીસામાં ૪૩.૨, વડોદરામાં ૪૧.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ભુજમાં ૪૨.૯, ગાંધીનગરમાં ૪૨.૯ ડિગ્રી અને સુરતમાં ૪૦.૪, અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

કચ્છમાં રેડ જ્યારે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ તો ભાવનગર, બોટાદ, સુરતમાં યલો એલર્ટ અપાયું છે

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, "૧૨ એપ્રિલ સુધી રાજ્યભરમાં ગરમીમાં વધારો થશે તેમજ ૧૨થી ૧૪ એપ્રિલ સુધી ૩ દિવસ ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉઠશે. ૧૪ એપ્રિલ પહેલા પ્રિ-મોનસૂન એક્ટિવિટી થશે અને ૧૭થી ૨૦ એપ્રિલ સુધી કેટલાક સ્થળે વરસાદી છાંટા પડશે.

**રૂ.૫૦ હજાર દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો**

### વર્ષ ૨૦૨૦માં ૬ વર્ષીય માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કર્યાના ગુનામાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટના સ્પેશિયલ જજે ૨૦ વર્ષની આજીવન કેદ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

રૂ.૫૦ હજાર દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. દંડની રકમ અને વળતર પેટે રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૫૦ લાખ ભોગ બનનાર પિડીતાને ચૂકવવા પણ આદેશ કર્યો છે. કેસની વિગત એવી છે કે, ઉમરગામ ખાતે રહેતા પરિવાર ૬ વર્ષીય માસૂમ કામીની (નામ બદલ્યું છે.) અને તેનો ભાઈ ગત તા.૧૦-૩-૨૦ના રોજ ધૂળેટીના પર્વને લઈ નજીકમાં રહેતી નાનીને ત્યાં રમવા ગયા હતા. બંને ભાઈ બહેનો ચાલી નજીક રમતા હતા તે દરમિયાન નજીકમાં રહેતો સરોજકુમાર લાલબહાદુર ગુપ્તા કામીનીને પોતાની રૂમમાં લઈ ગયો હતો. બાદમાં કામવાસનમાં ચક્ચુર બનેલા સરોજે કામીની સાથે શારીરિક સંભોગ કર્યો હતો. બાદમાં બાળકી રડતા રડતા નાનીના ઘરે પહોંચી હતી. કામીનીએ નાનીને ટોપીવાળા છોકરાએ ખોટુકામ કર્યું હોવાનું જણાવતા નાની તથા પરિવારજનો સ્તબ્ધ બની ગયા હતા. રૂ.૫૦ હજાર દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. દંડની રકમ અને વળતર પેટે રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૫૦ લાખ ભોગ બનનાર પિડીતાને ચૂકવવા પણ આદેશ કર્યો છે.

**ગીર સોમનાથમાં તાલાલા શહેર ભાજપ પ્રમુખની દાદાગીરી**

### તાલાલા શહેર ભાજપ પ્રમુખની ધરપકડ કરાઈ । પ્રોહિબિશનનો ગુનો નોંધાયો

**ગીર સોમનાથ જીલ્લામાં શહેર પ્રમુખ સુનિલ ગંગદેવની દાદાગીરી કરતો વીડિયો વાયરલ થતાં લોકો ગુસ્સે થયા**

। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૮ ।

ગીર સોમનાથમાં તાલાલા શહેર ભાજપ પ્રમુખની દાદાગીરી સામે આવી છે. મદિરાપાન કરી મારામારી કરતો પ્રમુખ સુનિલ ગંગદેવનો વીડિયો વાયરલ થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયેલો છે. પોલીસે પ્રોહિબિશન અને મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે સુનિલ ગંગદેવની ધપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે.ગીર સોમનાથ જીલ્લામાં શહેર પ્રમુખ સુનિલ ગંગદેવની દાદાગીરી કરતો વીડિયો વાયરલ થતાં લોકો ગુસ્સે થયા છે. હજુ તાજેતરમાં જ સુનિલ ગંગદેવની શહેર પ્રમુખ તરીકે વરણી કરાઈ હતી. શહેર પ્રમુખે દારુ પી દાદાગીરી અને મારામારી પણ કરી હતી તેવો વીડિયો વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. આ સમગ્ર મામલે સ્થાનિકો દ્વારા તાલાલા પોલીસને જાણ કરાઈ છે. પોલીસે પ્રોહિબિશન અને મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.તપાસનાં આધારે ગીર સોમનાથના તાલાલાના ભાજપ પ્રમુખ સુનિલ ગંગદેવની ધરપકડ કરવામાં આવી છે. તેના પર દારૂના નશામાં ક્રિકેટ રમતા યુવાનો પર હુમલો કરવાનો આરોપ છે. પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે કે સત્તા મેળવવા માટે તેણે યુવકને બેટથી માર માર્યો હતો, ત્યારબાદ પોલીસે સુનીલ ગંગદેવની ધરપકડ કરી છે. સુનીલ ગંગદેવના દીકરાનો બીજા યુવક સાથે ઝઘડો થયો. આરોપ હતો કે ક્રિકેટ રમવાના મામલે થયેલી ઝઘડામાં આરોપીઓએ યુવાનોને માર માર્યો હતો, જે બાદ પોલીસે કાર્યવાહી કરી હતી.આ સમગ્ર મામલાને લઈને શહેર ભાજપ પ્રમુખ સુનીલ ગંગદેવ સામે લોકોમાં રોષ છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે શું ભાજપ સુનીલ ગંગદેવ સામે કાર્યવાહી કરશે. એવો પણ આરોપ છે કે તેમણે સત્તા મેળવવા માટે પોતાના પદનો દુરુપયોગ કર્યો હતો અને તે નશાની હાલતમાં પણ હતો. તે સમયે આ મુદ્દો ચર્ચાનો વિષય રહ્યો હતો. સોમનાથમાં તાલાલા શહેર ભાજપ પ્રમુખની દાદાગીરી સામે આવી છે. મદિરાપાન કરી મારામારી કરતો પ્રમુખ સુનિલ ગંગદેવનો વીડિયો વાયરલ થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયેલો છે. પોલીસે પ્રોહિબિશન અને મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે સુનિલ ગંગદેવની ધપકડ કરી કાર્યવાહી શરૂ કરી છે.ગીર સોમનાથ જીલ્લામાં શહેર પ્રમુખ સુનિલ ગંગદેવની દાદાગીરી કરતો વીડિયો વાયરલ થતાં લોકો ગુસ્સે થયા છે. હજુ તાજેતરમાં જ સુનિલ ગંગદેવની શહેર પ્રમુખ તરીકે વરણી કરાઈ હતી.

**પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ** **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે મુદ્રા યોજના (પીએમએમવાય)ના લાભાર્થીઓ સાથે વાત કરી હતી**

# ભાવનગરના યુવા ઉદ્યોગસાહસિક સાથે મોદીએ સંવાદ કર્યો

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૮ ।

પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. જે અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે મુદ્રા યોજના (પીએમએમવાય)ના લાભાર્થીઓ સાથે વાત કરી હતી. આ દરમિયાન તેઓએ ગુજરાતના ભાવનગરના એક યુવા ઉદ્યોગસાહસિક સાથે પણ સંવાદ કર્યો હતો. આ અંગેનો એક વીડિયો પણ તેમણે



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યો છે.ભાવનગરના આ યુવાની પ્રેરણાદાયી કહાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા છે. આ યુવાને 'મુદ્રા યોજના'ની કિશોર કેટેગરી હેઠળ ૨ લાખ રૂપિયાની મુદ્રા લોન લઈ માત્ર ૨૧ વર્ષની ઉંમરે એક ઉદ્યોગ શરૂ કર્યો હતો. જે હવે પ્રતિ મહિને ૩૦થી ૩૫ હજાર રૂપિયાની કમાણી કરે છે.આ યુવા એક મેકેટ્રોનિક્સ એન્જિનિયરનો અંતિમ વર્ષનો વિદ્યાર્થી છે. તેણે માત્ર ૨૧ વર્ષની ઉંમરે 'આદિત્ય લેબ' નામે પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો હતો. આ લેબ ૩ડી પ્રિન્ટિંગ, રિવર્સ એન્જિનિયરિંગ, ઝડપી પ્રોટોટાઈપિંગ અને રોબોટિક્સમાં વ્યવસાય ક્ષેત્રે કાર્યરત છે.તેણે અભ્યાસની સાથે સાથે આ વ્યવસાયને આ સ્તરે પહોંચાડવામાં સફળતા મેળવી છે. આ યુવાન સપ્તાહ દરમિયાન કોલેજમાં જઈ અભ્યાસ કરે છે. જે દરમિયાન તેના માતા-પિતા તેનો ઉદ્યોગ સંભાળે છે. જ્યારે શનિ-રવિવાર રજામાં તે ભાવનગર આવી વ્યવસાયિક કામગીરીને સંતુલિત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫માં આ મુદ્રા યોજના શરૂ કરી છે. આજે આ યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થતા મોદીએ તેના લાભાર્થીઓ સાથે વાત કરી હતી. તમામ ઉદ્યોગસાહસિકની કહાની સાંભળી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ખુશ થયા હતા અને વધુમાં વધુ લોકોને આ યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## પરિણીત મહિલાએ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૮ ।

જામનગરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પરિણીત મહિલાએ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. બુલેટસવાર પતિને પત્નીએ પ્રેમીને ટિપ આપ ીને મોતને ઘાટ ઉતાર્યો હતો, આ ઘટના વિજરખી ડેમ નજીક બની હતી, જે લગ્નેતર સંબંધોને કારણે થયેલી સમાજ માટેની ગંભીર સવાલ બની છે.ડીવાયએસપી રાજેન્દ્ર દેવધાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતુ કે આ કેસમાં મૃતક રવિ ધીરજલાલ મારકણાની પત્ની રિંકલ અને તેના પ્રેમી અક્ષય છગન ડાંગરિયાના આડાસંબંધો આ હત્યાનું મુખ્ય કારણ છે.મૃતકના કાકા પરેશ મારકણાએ જણાવ્યું હતું કે કાલાવડથી જામનગર આવતા અકસ્માત નડ્યો હતો.

## બ્રહ્માકુમારી સંસ્થાના દાદી રતનમોહિનીનું નિધન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

સિરોહી જિલ્લાના આબુ રોડ સ્થિત બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય પ્રશાસક દાદી રતન મોહિનીનું સોમવારે રાત્રે ૧.૨૦ વાગ્યે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે. દાદીમાના અવસાનથી અનુયાયીઓમાં શોકની લહેર ફેલાઈ ગઈ. ગયા મહિને જ તેમણે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા હતા. સંસ્થાના પીઆરઓ બીકે કોમલે જણાવ્યું હતું કે, તેમના પાર્થિવ દેહને મંગળવારે અમદાવાદથી આબુ રોડ બ્રહ્મા કુમારી સંસ્થાના આંતરરાષ્ટ્રીય મુખ્યાલયમાં લાવવામાં આવશે. અહીં તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. જોકે, તેમના અંતિમ સંસ્કાર ક્યારે કરવામાં આવેશ તેના વિશે સંસ્થાના અધિકારીઓ પછીથી માહિતી આપવાનું જણાવ્યું હતું.દાદી રતન મોહિનીનું જન્મ નામ લક્ષ્મી હતું. તેમનો જન્મ ૨૫ માર્ચ, ૧૯૨૫ના રોજ હૈદરાબાદ સિંધ ના એક પ્રખ્યાત અને ધાર્મિક પરિવારમાં થયો હતો. દાદીમા વર્ણન કરતા હતા.

### સુરેન્દ્રનગર હાઈવે પરની

# હોટેલમાંથી ૧૧ લાખથી વધુનું ગેરકાયદેસર પેટ્રોલ ઝડપાયું

## સુરેન્દ્રનગરની હાઈવે પરની હોટલમાં ટાંકા બનાવીને ગેરકાયદેસર પેટ્રોલ સંગ્રહવાનું કારસ્તાન સામે આવ્યું

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર,તા.૮ ।

શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાયલા-ચોટીલા હાઈવે પર આવેલી હોટેલ પરથી ગેરકાયદે પેટ્રોલના વેચાણનો પર્દાફાશ થયો છે. સુરેન્દ્રનગરની હાઈવે પરની હોટલમાં ટાંકા બનાવીને ગેરકાયદેસર પેટ્રોલ સંગ્રહવાનું કારસ્તાન સામે આવ્યું છે. સુરેન્દ્રનગર હાઈવે પર આવેલી જય દાણા બાબા હોટલમાંથી પાકું બાંધકામ કરેલા ત્રણ ટાંકામાં પેટ્રોલનો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમી મળતા ત્યાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં હોટલની બહારની જગ્યામાં બનાવેલા ત્રણ ટાંકામાંથી ૧૧ લાખની કિંમતનું ૧૭૧૦૦ લીટર પેટ્રોલ જપ્ત કરાયું છે. પોલીસ સહિત ચોટીલા પ્રાંત અધિકારી તેમજ પુરવઠાની ટીમની કાર્યવાહીમાં ટેક્કર, મોટર, ડિસ્પેન્સિંગ યુનિટ, ત્રણ ટાંકા સહિત ૩૮.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તમામ મુદ્દામાલ સીઝ કરી હોટલના માલિક ગભરુભાઈ ભાંભળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ચોટીલા પ્રાંત અધિકારી તેમજ પુરવઠાની ટીમ દ્વારા હાઈવે પર આવેલી હોટલમાંથી ગેરકાયદેસર જ્વલનશીલ પેટ્રોલ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. સાયલા-ચોટીલા હાઈવે પર આયા ગામના પાટિયા પાસે આવેલી જય દાણા બાબા



હોટલમાંથી ગેરકાયદેસર પેટ્રોલ ઝડપી પ ડવામાં આવ્યું છે. ગેરકાયદેસર પેટ્રોલ ૧૭૧૦૦ લીટર કિંમત રૂ.૧૧.૧૧ લાખ, ટેક્કર, મોટર, ડિસ્પેન્સિંગ યુનિટ, ત્રણ ટાંકા સહિત ફૂલ રૂ.૩૮.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ હોટલ પરિસરમાં પાકું બાંધકામ કરેલા ત્રણ ટાંકાઓમાં પેટ્રોલનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. તમામ મુદ્દામાલ સીઝ કરી હોટલના માલિક ગભરુભાઈ ભાંભળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, હોટલ પરિસરમાં ટાંકા બનાવી પેટ્રોલનો સંગ્રહ કરી વેચાણ કરવામાં આવતું હોવાનું માનવામાં આવી રહ્યું છે. શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાયલા-ચોટીલા હાઈવે પર આવેલી હોટેલ પરથી ગેરકાયદે પેટ્રોલના વેચાણનો પર્દાફાશ થયો છે. સુરેન્દ્રનગરની હાઈવે પરની હોટલમાં ટાંકા બનાવીને ગેરકાયદેસર પેટ્રોલ સંગ્રહવાનું કારસ્તાન સામે આવ્યું છે.

## આણંદમાં હિટ એન્ડ રનની ઘટના, અજાણ્યા વાહનની ટક્કરે ત્રણના મોત

। પ્રતિનિધિ, આણંદ, તા.૮ ।

આણંદના આંકલાવના બામણગામ નજીક ગંભીર અકસ્માતની ઘટના સર્જાઈ છે. અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક પર સવાર ૩ યુવાનનોના ઘટના સ્થળ પર જ મૃત્યુ નિપજ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આંકલાવના બામણગામ રોડ પર આવેલા અંબાકુઈ નજીક મોડી રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૩ યુવાનોના મોત થયા હતા. મૃતક યુવાનો પાદરાના મુજપુર ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે અકસ્માતે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં સતત હિટ એન્ડ રનની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં વડોદરા શહેરમાં ૩ લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. લોકો હજુ વડોદરાના રક્ષિત ચોરાસિયા કેસને ભૂલ્યા નથી. ત્યાં તો એક પછી એક હિટ એન્ડ રનની ઘટનાઓ સામે આવી રહી છે. મંગળવારે સવારે વડોદરાના વાઘોડિયા ચાર રસ્તા બ્રિજ પાસે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ટેમ્પો ચાલકે વિદ્યાર્થીને અડફેટે લેતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

### વાઘોડિયા ચાર રસ્તા બ્રિજ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો

# વડોદરામાં કારચાલકે ૧૦ વાહનોને અડફેટે લીધા ટેમ્પાચાલકે વિદ્યાર્થિનીને ઉડાવતાં મોતને ભેટી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરા શહેરમાં દારૂ પીને કાર ચલાવવાની વધુ એક ઘટના સામે આવતા લોકોના જીવ જોખમમાં મૂકાયા છે. ફરી એકવાર રક્ષિતકાંડ થતાં થતાં રહી ગયો છે. સ્થાનિકોનો દાવો છે કે નશામાં ધૂત ડ્રાઈવર દારૂના નશામાં ગાડી ચલાવી રહ્યો હતો અને બેદરકારીથી ગાડી ચલાવી રહ્યો હતો. ડ્રાઈવર એટલો નશામાં હતો કે તે પ ોતાના પગ પર ઊભો પણ રહી શકતો ન હતો, તેથી લોકોએ તેને પોલીસની ગાડીમાં બેસાડી દીધો. વડોદરા શહેરના ખોડિયારનગર ક્રોસિંગ પાસે એસ.આર. પેટ્રોલ પંપ તરફ જતા માર્ગ પર બળીયાદેવ મંદિર પાસે આ ઘટના બની હતી, જ્યારે એક નશામાં ધૂત વાહનચાલકે રસ્તા પર એક પછી એક ૧૦ વાહનોને ટક્કર મારી હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી.

આ અકસ્માત શહેરના મેયર પિં કીબેન સોનીની સોસાયટીની બહાર થયો હતો, જ્યાં એક નશામાં ધૂત વાહનચાલકે એક સાથે ૧૦ વાહનોને ટક્કર મારી હતી.હાલમાં વડોદરા પ ોલીસે ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ વધુ તપાસ શરૂ કરી છે. આ અકસ્માત અંગે પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ કારના ડ્રાઈવરની ધરપ કડ કરવામાં આવી છે. તો આજે વહેલી સવારે વાઘોડિયા ચાર રસ્તા બ્રિજ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું હતું.વાઘોડિયા ચાર રસ્તા પાસે પૂરઝડપે આવેલ ટેમ્પા ચાલકે મૈત્રી શાહ નામની વિદ્યાર્થિનીને ઉડાવતાં પરિવારમાં શોક ફેલાઈ ગયો છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી અકસ્માતોની વણઝાર જોવા મળી છે. ત્રણ દિવસમાં સર્જાયેલ અકસ્માતમાં ત્રણના મોત થયા છે. વધતા અકસ્માતોને લઈ પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા છે.અગાઉ શહેરમાં મોડી રાત્રે લોખંડનો સામાન ભરેલ એક ટેમ્પો ટ્રકની બાઈક સાથે ટક્કર થઈ હતી, જેમાં બાઈક પર સવાર પ ાંચ વર્ષની બાળકી નીચે પટકાતાં મોત નિપજ્યું હતું. વિહાર થિયેટર પાસે ટેમ્પો ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતને પગલે લોકોનું ટોળું ભેગું થયું હતું. પોલીસને અકસ્માતની માહિતી મળતા ઘટનાસ્થળ પર પ હોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. અકસ્માતમાં બાળકીનું મોત થતા ટેમ્પો ચાલક ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે ગણતરીના સમયમાં ટેમ્પો ચાલકની ધરપકડ કરી હતી. પોલીસે અકસ્માતની વિગતો પ્રાપ્ત કર્યા બાદ વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરમાં દારૂ પીને કાર ચલાવવાની વધુ એક ઘટના સામે આવતા લોકોના જીવ જોખમમાં મૂકાયા છે. ફરી એકવાર રક્ષિતકાંડ થતાં થતાં રહી ગયો છે. સ્થાનિકોનો દાવો છે કે નશામાં ધૂત ડ્રાઈવર દારૂના નશામાં ગાડી ચલાવી રહ્યો હતો અને બેદરકારીથી ગાડી ચલાવી રહ્યો હતો. વહેલી સવારે વાઘોડિયા ચાર રસ્તા બ્રિજ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

## માતાજીના માંડવામાં જઈ રહેલા 3 યુવકોને મોત આંબી ગયું, ટ્રેક્ટરની ટક્કરથી બાઈક ફંગોળાયું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરા પાસે આંકલાવમાં બાઈક પર સવાર ત્રણ યુવકોના અકસ્માતમાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ટ્રેક્ટરે ટક્કર મારતા ત્રણ યુવકો ત્યાં જ મોતને ભેટ્યા હતા. ત્રણેય યુવકો સંખ્યાડ ગામમાં માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા, ત્યારે કાળ ભરખી ગયો.પ્રાપ્ત માહિતી અનુસાર, આંકલાવના બામણગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ યુવકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ગંભીર ઈજાઓ પહોંચતા ત્રણ યુવકોના ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. બામણગામ અંબાઈકુઈ પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણ યુવકો રોડની સાઈડ પર ફંગોળાયા હતા. મૃતક ત્રણેય યુવકો પાદરાના મુજપુર ગામના વતની છે. યુવકો મોટી સંખ્યાડ ગામમાં માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ત્રણેય યુવકોના મૃ તદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આંકલાવ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી. વડોદરા પાસે આંકલાવમાં બાઈક પર સવાર ત્રણ યુવકોના અકસ્માતમાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ટ્રેક્ટરે ટક્કર મારતા ત્રણ યુવકો ત્યાં જ મોતને ભેટ્યા હતા.

## દસાડાના અખિયાણા ગામની સીમમાંથી યુવકની કોહવાયેલી લાશ મળી

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૮ ।

દસાડા તાલુકાના અખિયાણા ગામની ફેક્ટરીમાં નોકરી કરતા મૂળ ઉત્તરપ્રદેશના યુવકની લાશ ગામની સીમમાંથી કોહવાયેલી હાલતમાં મળી આવી છે. પોલીસે લાશનપીએમ માટે મોકલી યુવકની હત્યા કરાઈ છે કે આત્મહત્યા તે દિશામાં તપાસ શરૂ કરી છે. દસાડાના અખીયાણા ગામની સીમમાં એક અજાણ્યા યુવકની બિનવારસી હાલતમાં લાશ મળી હતી. જેની જાણ થતાં આસપાસના લોકો સહિતનાઓના ટોળેટોળાં સ્થળ પર ઉમટી પડયા હતા. આ અંગે પોલીસને જાણ કરતા પ ોલીસ કાફલોએ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથધરી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં લાશને જોતા ત્રણ-ચાર દિવસ પહેલા મોત નીપજ્યું હોય તેમ જણાઈ આવ્યું હતું અને મોઢું પણ એકદમ ખવાઈ ગયેલી અને કોહવાય ગયેલી હાલતમાં હોવાનું માલુમ પડયું હતું. હાલ તો પ ોલીસે લાશનો કબ્જો લઈ પીએમ અર્થે તેમજ વાલી વારસ શોધવા અંગેની તજવીજ હાથધરી હતી. બજાણા પોલીસ દ્વારા વધુ તપાસ કરતા મૃતક યુવક મુળ ઉત્તરપ્રદેશનો રહેવાસી નેત્રપાલ મૌર્ય હોવાનું અને ઉ.વ.અં.૩૨ હોવાનું જણાઈ આવ્યું હતું. મૃતક અખીયાણા ગામે પેપ કો ફુડ નામની ફેક્ટરીમાં નોકરી કરતો હતો ત્યારે મળી આવેલ યુવકની હત્યા કરવામાં આવી છે.



### નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદાના રામપુરા ઘાટ ખાતે નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી

### મુખ્યમંત્રીએ રામપુરા ઘાટ ખાતે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું

। પ્રતિનિધિ, નર્મદા,તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચૈત્ર મહિનામાં ચાલી રહેલી માં નર્મદાની પંચકોશી પવિત્ર પરિક્રમાના અવસરે મંળવારે સવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે માં રેવાને પ્રાર્થના કરી હતી. તેમણે અહીં નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતુ અને નર્મદા મૈયાના દર્શન કર્યા હતા.



મુખ્યમંત્રીએ રામપુરા ઘાટ ખાતે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય વિભાગના રાહત કેમ્પ, સખી મંડળના બહેનોના સ્ટોલ, પરિક્રમા રૂટ પર મૂકવામાં આવેલા ઝઝ્ફ કન્ટ્રોલ રૂમ વગેરેનું નિરીક્ષણ કરીને તેમણે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

માં નર્મદાના અવતરણ અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રઈ મોદીની દૂરંદેશિતાના કારણે ગુજરાતના કચ્છ સુધી નર્મદાનું પાણી આજે પહોંચ્યુ છે અને નાગરિકોની તરસ છીપાવા સાથે પાણીની તંગી દૂર થઈ છે અને ગુજરાત હરિયાળું બન્યું છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રામપુરા ઘાટ ખાતેથી શ્રી રણછોડરાયજી મંદિરે પહોંચી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અને મંદિર પરિસર ખાતે દેશભરમાંથી આવેલાં વિવિધ પ્રાંતના પરિક્રમાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો.

મુખ્યમંત્રીએ પરિક્રમાર્થીઓ સાથે વાતચીતમાં જણાવ્યું કે, પવિત્ર માં નર્મદાની પંચકોશી પરિક્રમા છેલ્લાં કેટલાંય વર્ષોથી અનેક શ્રદ્ધાળુઓ પગપાળા કરે છે. પરિક્રમાર્થીઓ માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓ અંગે મુખ્યમંત્રીએ પરિક્રમાર્થીઓને પૃચ્છા કરીને તેમના મંતવ્યો-સૂચનો-પ્રતિભાવો મેળવ્યા હતા. પરિક્રમાર્થીઓએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓ અંગે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "આપકી આસ્થા હમારી વ્યવસ્થા"ના મંત્ર સાથે રાજ્ય સરકાર પણ આગળ વધી રહી છે તેમ જણાવી પંચકોશી પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓ માટેની સુવિધાને કાયમી ધોરણે પ્રસ્થાપિત કરવાની રાજ્ય સરકારની નેમ છે તેમ ઉમેર્યુ હતું. મહારાષ્ટ્રથી આવેલા પરિક્રમાર્થી ઋષિકેશ ઓઝા દ્વારા માં નર્મદાની પરિક્રમાનું મહત્વ દર્શાવતુ હિન્દી પુસ્તક મુખ્યમંત્રીને અર્પણ કરીને પરિક્રમાર્થીઓ માટે ઊભી કરાયેલી સુવિધાની સરાહના કરી હતી.રણછોડરાયજી મંદિર ખાતે સંવાદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ શાલ અને માં નર્મદાની પ્રતિમા અર્પણ કર્યા હતા. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી રમેશ મેરજાએ મુખ્યમંત્રીને શ્રીફળ અને માતાજીની ચૂંદડી અર્પણ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચૈત્ર મહિનામાં ચાલી રહેલી માં નર્મદાની પંચકોશી પવિત્ર પરિક્રમાના અવસરે મંળવારે સવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી.

### મહિલા દર્દીનું સારંગગાંઠના ઓપરેશન બાદ મોત થતાં ચકચાર મચી

# પાટણમાં ઓપરેશન બાદ મહિલા દર્દીનું મોત થતા હોસ્પિટલના ડોક્ટર પર બેદરકારીનો આરોપ

। પ્રતિનિધિ, પાટણ, તા.૮ ।

પાટણ શહેરની શ્યામવિલા હોસ્પિટલમાં એક મહિલા દર્દીનું સારંગગાંઠના ઓપરેશન બાદ મોત થતાં ચકચાર મચી ગઈ છે. મૃતક મહિલાના પરિવારજનોએ ડૉક્ટર મુકુંદ પટેલ પર બેદરકારીનો આરોપ મૂક્યો છે.પરિવારજનોના આરોપ મુજબ, ઓપરેશન બાદ એક દિવસ પણ ડૉક્ટરે દર્દીની મુલાકાત લીધી ન હતી. વધુમાં, દર્દીના પરિવારે આરોપ મૂક્યો છે કે ડૉક્ટરે સરકારી કાર્ડથી સારવાર કરાવવા પર જવાબદારી ન લેવાનું કહ્યું હતું. રોકડ રકમથી સારવાર કરાવવા પર જ દર્દીનો જીવ બચાવવાની ખાતરી આપી હતી.મહિલાની પુત્રી કાજલ સાધુએ જણાવ્યું કે કેસ દબાવવા માટે ડૉક્ટરે પૈસાની ઓફર પણ કરી હતી. બનાવને પગલે બી ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.બીજી તરફ, ડૉક્ટર મુકુંદ પટેલનું કહેવું છે કે ઓપરેશન બાદ દર્દીની તબિયત સારી હતી. સાત વર્ષ પહેલાં પણ મહિલાએ ઓપરેશન કરાવ્યું હતું. તેમને આંતરડા અને અન્ય અવયવોમાં તકલીફ હતી. શ્વાસ અને ડાયાબિટીસની બીમારી પણ હતી. સ્વાસ્થ્ય બગડતાં ઁઝેંમાં દાખલ કરવાની સલાહ આપી હતી, પરંતુ પરિવાર સંમત ન થયો.પાટણમાં મહિલાની સારવાર બાદ હોસ્પિટલમાં મોત નીપજતા એક પરિવારે તેમનું સ્વજન ગુમાવ્યું છે. બીજી તરફ તબીબની બેદરકારીના આક્ષેપ સામે તબીબે પણ સ્પષ્ટતા કરી પોતાનો બચાવ પક્ષ મૂક્યો છે.

## નવસારીની પૂર્ણા નદીમાં પાંચ ડૂબ્યાઃ ત્રણ મહિલાનો બચાવ, એકનું મોત

। પ્રતિનિધિ, નવસારી,તા.૮ ।

નવસારી નજીકના ધારાગીરી ગામ પાસે પૂર્ણા નદીમાં એક દુઃખદ ઘટના બની છે, જ્યાં ૪ મહિલાઓ અને ૧ પુરુષ નદીમાં ડૂબી ગયા છે. આ અકસ્માતમાં ત્રણ મહિલાઓને બચાવી લેવામાં આવી છે, જ્યારે એક મહિલાનું મોત થયું છે અને એક પુરુષ હજુ પણ ગુમ છે. તે એક મહિલાનો દિયરે હોવાનું સામે આવ્યું છે.આપને જણાવી દઈએ કે, ધારાગીરી ગામ નજીક પૂર્ણા નદીના ઓવારામાં ચાર મહિલાઓ કપડાં ધોવા ગઈ હતી. આ દરમિયાન એક મહિલા નદીમાં ડૂબવા લાગી. અન્ય મહિલાઓએ પણ તેને બચાવવા માટે પાણીમાં કૂદી પડી, પરંતુ તેઓ પણ ડૂબી ગયા.

મહિલાઓને ડૂબતી જોઈને, એક સ્થાનિક યુવકે તેની ભાભી સહિત મહિલાઓને બચાવવા માટે પાણીમાં કૂદી પડ્યો. પરંતુ કમનસીબે, તે યુવક પણ નદીના પ્રવાહમાં ગાયબ થઈ ગયો. નદીમાંથી પસાર થતા માછીમારોએ તાત્કાલિક પોતાની જાળ ફેંકી અને ત્રણ મહિલાઓના જીવ બચાવ્યા. મહિલાના મૃતદેહને નદીમાંથી બહાર કાઢીને નવસારી સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે.

## વડોદરામાં મૌલાનાની ગંદી હરકત, મહિલાનો ન્હાતી વખતનો ઉતાર્યો વીડિયો


। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં બાથરૂમમાં નહાતી મહિલાનો વીડિયો અપલોડ કરનાર મૌલાનાની સયાજીગંજ પોલીસે ધરપકડ કરી છે. સયાજીગંજ પોલીસે હારૂન પઠાણ વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. ફરિયાદી મહિલાએ આ કેસમાં કહ્યું હતું કે મૌલાનાનું આવું કૃત્ય યોગ્ય નથી, હું માંગ કરું છું કે તેને સૌથી કડક સજા મળવી જોઈએ. ફતેહગંજમાં રહેતી ૨૮ વર્ષીય મહિલા ગૃહિણી તરીકે કામ કરે છે જ્યારે તેનો પતિ ડ્રાઈવિંગ કરે છે. ગયા શુક્રવારે, મહિલા અને તેની સાસુ ઘરે હતા, ત્યારે બપોરે લગભગ ૧.૩૦ વાગ્યે, મહિલા સ્નાન કરવા માટે બાથરૂમમાં ગઈ.

જ્યારે તેની સાસુ ઘરે પ્રાર્થના કરી રહી હતી, ત્યારે મહિલાને અચાનક બાથરૂમમાં એક મોબાઈલ ફોન મળ્યો. મહિલાએ જોયું કે કોઈ બાથરૂમની બારીમાંથી તેના ફોન પર વીડિયો રેકોર્ડ કરી રહ્યું છે.ફરિયાદીએ કહ્યું કે હું નહાવા માટે બાથરૂમમાં ગઈ અને પાણી ચાલુ કર્યું. તે સમયે મેં જોયું કે મારા પર એક કેમેરો લગાવેલો હતો, તે મારો વીડિયો રેકોર્ડ કરી રહ્યો હતો, તેથી મેં મારી સાસુને બૂમ પાડી અને કહ્યું કે અહીં કોઈ છે. મોબાઈલ ફોન બાથરૂમમાં છે.

આ સમયે મારી સાસુ ત્યાં ગઈ હતી, તેથી તે ભાગી ગઈ. તેનું નામ હારૂન છે અને તે મૌલાના છે. તે અમારી આગળ રહે છે. જ્યારે મેં આ કહ્યું, ત્યારે લોકો કહી રહ્યા હતા કે હું ખોટું બોલી રહી છું, તેથી મેં કહ્યું કે હું મારી પ્રતિષ્ઠા કેમ બદનામ કરું, તેથી અમે અમારા ઘરની નજીક લગાવેલા ઝઝ્ફ કેમેરા તપાસ્યા, જેમાં તે દેખાયો હતો. મૌલાના માટે આવું વર્તન કરવું યોગ્ય નથી.

તેને કડક સજા મળવી જોઈએ. વહુએ જાણ કર્યા બાદ સાસુએ ઘરની બહાર તપાસ કરતાં કોઈ મળી આવ્યું નહોતું.






## તંત્રી લેખ..

# સંસદમાં સતત હંગામો

જેવી આશંકા હતી એવું જ થયું. સંસદના બજેટ સત્રનું બીજું ચરણ પણ કોઈ વિશેષ કામકાજ વગર જ ખતમ કરી દેવામાં આવ્યું. જોકે સંસદમાં સતત હંગામો થતાં જોઈને આ સત્રને નક્કી સમય પહેલાં જ ખતમ કરી દેવાયું હોત તો સારું. તેનાથી બીજું કશું નહીં તો સરકારી ખજાનાનાં થોડાં નાણાં બચી ગયાં હોત. સંસદ નહિ ચાલવા દેવા માટે સત્તાપક્ષ અને વિપક્ષ એકબીજાને કઠેરામાં ઊભા કરવાનું જે કામ કરી રહ્યા છે, તેનું ઔચિત્ય એટલે નથી, કારણ કે ક્યાંકને ક્યાંક બંને પક્ષો તેના માટે જવાબદાર છે. જ્યાં વિપક્ષ અદાણી મામલાની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે કરાવવાની પોતાની માંગને લઈને હંગામો કરતો રહ્યો, ત્યાં જ સત્તાપક્ષ એ માંગને લઈને અડગ રહ્યો કે રાહુલ ગાંધી પોતાના એ નિવેદન માટે માફી માંગે, જે તેમણે લંડનમાં આપ્યું હતું. પક્ષ-વિપક્ષની આ માંગોનું કોઈ વિશેષ મહત્ત્વ ન હતું. અદાણી મામલે જેપીસી તપાસનું ઔચિત્ય એટલા માટે ખતમ થઈ ગયું હતું, કારણ કે સુપ્રીમ કોર્ટે એક છ સદસ્યોની સમિતિની રચના કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે આ સમિતિની રચનામાં સરકારની કોઈ ભાગીદારી પણ નથી. સુપ્રીમ કોર્ટે સમિતિના સદસ્યોની પસંદગી જાતે જ કરી હતી. તેમ છતાં પણ વિપક્ષ સંતુષ્ટ ન થયો, કારણ કે તેણે સંતુષ્ટ થવું જ ન હતું અને સંસદમાં હંગામો કરવા માટે એક બહાનું જોઈતું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે આ વખતે સત્તાપક્ષે પણ સંસદમાં હંગામો કર્યો અને તેના માટે એ જિદ પકડી કે રાહુલ ગાંધીએ લંડનમાં આપવામાં આવેલા પોતાના નિવેદનો માટે માફી માંગવી પડશે. એ સાચું કે રાહુલ ગાંધીએ લંડનમાં એવી ઘણી વાતો કરી, જે તેમણને નહોતી કરવી જોઈતી, પરંતુ જો તેઓ તેને પોતાની ભૂલ માનવા તૈયાર નથી તો સત્તાપક્ષ કે પછી અન્ય કોઈ શું કરી શકે? રાહુલનાં નિવેદનો પર સત્તાપક્ષનો વાંધો સાચો હતો પરંતુ તેણે પોતાની આ માંગને વધુ ચગાવવાની જરૂર ન હતી કે સંસદ ત્યારે જ ચાલશે, જ્યારે તેઓ માફી માંગશે. આવું બહુ ઓછું થાય છે, જ્યારે સત્તાપક્ષ જ સંસદમાં હંગામો કરે છે, પરંતુ આ વખતે એવું જોવા મળ્યું. એ માનવાનાં ઘણાં કારણો છે કે સંસદના બજેટ સત્રનું બીજું ચરણ એટલા માટે હંગામામાં વેડફાઈ ગયું, કારણ કે સત્તાપક્ષ અને વિપક્ષની નજરો આગામી વિધાનસભા ચૂંટણીઓની સાથે જ લોકસભા ચૂંટણીઓ પર પણ છે. નિઃસંદેહ રાજકીય પક્ષો ચૂંટણીઓને નજરઅંદાજ ન કરી શકે, પરંતુ તેનો શો મતલબ કે ચૂંટણીઓના ચક્કરમાં સંસદીય કાર્યવાહીની જ બલિ ચડાવવામાં આવે? શું ચૂંટણીઓ નજીક આવશે ત્યારે સંસદ નહીં ચાલવા દેવાય? ચૂંટણી માહોલ બનાવવા માટે સંસદ ન ચાલવા દેવી રાજકીય સ્વાર્થ માટે તેની મહત્તાને ઓછી આંકવા જેવું છે. જો રાજકીય પક્ષો એમ વિચારી રહ્યા હોય કે તેમના હંગામાથી જનતા પ્રભાવિત થઈ હશે તો એ સાચું નથી, કારણ કે જનતા તો પ્રભાવિત થાય છે સંસદમાં થનારી ગંભીર ચર્ચાથી.

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઈ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઈ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઈલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



### ખેડૂતો આવકને વધારવા ટેકનોલોજી અપનાવે તે પણ જરૂરી

**વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે ભારતને પણ પહેલ કરવાની જરૂર છે ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે**

# ઉચ્ચ મૂલ્યની ખેતી ઉપયોગી બની છે

**છેલ્લા ૫૦ વર્ષમાં જીડીપીમાં કૃષિનું યોગદાન ઘટી રહ્યુ છે : ખેડૂતોને યોગ્ય બજાર મળે તે દિશામાં મોદી સરકાર ઝડપી પહેલ કરે તે જરૂરી**

સરકારે હાલમાં સર્વેમાં ખેડૂતોની આવકના આંકડા ગણ્યા હતા તેમાંથી અડધાથી પણ વધારે ખેડૂત એવા હતા જેમની પાસે પોતાની જમીન ન હતી અથવા તો જો જમીન હતી તો નહિંવત પ્રમાણમાં હતી. મતલબ એ થયો કે તેઓ ખેતમજૂરોના વર્ગમાં આવે છે. તેમને ખેડૂતોની સાથે જોડવામાં આવી રહ્યા છે. અલબત્ત આ કડવી વાસ્તવિકતાથી ઈન્કાર કરી શકાય નહીં કે અમારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી રહી નથી. છેલ્લા ૫૦ વર્ષમાં કૃષિનું જીડીપીમાં યોગદાન એકંદરે ઘટી રહ્યું છે.

વર્ષ ૨૦૦૪-૨૦૧૩ સુધી અલબત્ત ખાદ્યાન્ન ફુગાવો ખૂબ ઉંચો હતો. પરંતુ તેના કેટલાક હકારાત્મક પાસાઓ પણ હતા. એક પાસુ એ પણ હતું કે ખેડૂતોની આવક એટલી ઓછી ન હતી જેટલી આનાથી અગાઉના વર્ષોમાં હતી. જો વર્ષ ૨૦૦૪-૨૦૧૪ સુધી એક દશકમાં ધ્યાન આપવામાં આવે તો કૃષિમાં ૩.૫ ટકાથી વધારે ગ્રોથ રેટ રહ્યો નથી. ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. ચીજવસ્તુઓની કિંમત વધી રહી છે. અલબત્ત ૨૦૦૯માં ચોક્કસપણે દુષ્કાળની સ્થિતિ રહી હતી. પરંતુ એકંદરે ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની સ્થિતિમાં સુધાર થયો હતો. પાકા આવાસ બનવા લાગી ગયા હતા. બાળકો પણ સ્કૂલ જવા લાગી ગયા છે છતાં ખાનગી સ્કૂલોમાં પણ ખેડૂતો બાળકોને મૂકવા ખચકાટ



અનુભવ કરી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે આજે પણ ઘણી બધી બાબતોમાં મુલ્યાંકન કરવાનો સમય છે. જાહેરરીતે ખેડૂતોની આવક એકંદરે હવે ઘટી છે આના માટે કૃષિ ક્ષેત્રમાં ગ્રોથને વધારવામાં આવે તો ખેડૂતોની હાલત સુધરી શકે છે. આના માટે રસ્તા શું થઈ શકે છે. સૌથી પહેલા તો ઉંચા મુલ્યો ધરાવતી ખેતીને પ્રાથમિકતા આપવી પડશે જેમ કે ચીનના દાખલાને લેવામાં આવે તો ત્યાં ઉત્પાદન પણ વધારે છે અને ખેડૂતોનો ભાર પણ ઉચ્ચ મુલ્યોવાળી ચીજવસ્તુ પર વધારે ગયો છે. ભારતમાં પણ આ દિશામાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. હજુ સુધી ભારતીય ખેડૂતો ઉંચા મુલ્ય ધરાવતી ચીજવસ્તુઓની દિશામાં વિચારી રહ્યા નથી. પરંપરાગત ખેતીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

ઉચ્ચ મૂલ્યોવાળા પાક પર ખેડૂતોને ધ્યાન આપવાની જરૂર છે પરંતુ આવા પાક માટે નજીકી બજાર રહે તે જરૂરી છે જે ભારતમાં હાલમાં નથી. અલબત્ત મહારાષ્ટ્ર, તમિળનાડુ જેવા કેટલાક રાજ્યોમાં આ દિશામાં કામ થયુ છે. ત્યાના ખેડૂતોને ફાયદો પણ થયો છે પરંતુ માત્ર એક એકરના ખેડૂત લાખોની આવક ઉભી કરી શકે તેમ નથી.

જેથી ટેકનોલોજી આધારિત ખેતી અને ઉચ્ચ મૂલ્યો ધરાવતા પાક તરફ ધ્યાન આપવામાં આવે તે સમયની માંગ છે. ખેડૂતો ઉચ્ચ મૂલ્યોવાળી ખેતી પર ભાર આપે તે નિષ્ણાંતોની પણ સલાહ છે. આ દિશામાં કામ કરવાની પણ જરૂર છે. સરકાર સતત સક્રિય થઈને આ પ્રકારની ખેતીને પ્રાથમિકતા આપે તો ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી શકે છે સાથે સાથે જંગી દેવાની સ્થિતિમાં આપઘાત કરવાની ફરજ ખેડૂતોને ન પડે તે દિશામાં પણ પહેલ જરૂરી છે. વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે. ભારતને પણ પહેલ કરવાની જરૂર છે. ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે. પાક વિમા અને હોનારતો આવવાની સ્થિતિમાં મળનાર સરકારી વળતર એક મજાક સમાન છે. હવે તો ભૂમિ અધિગ્રહણ મારફતે ખેડૂતની પાસે રહી ગયેલી એક માત્ર સંપત્તિને આંચકી લેવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં દેશભરના ખેડૂતોની એક માંગ સરકાર સમક્ષ મૂકી દેવી જોઈએ. જેમ સરકાર પોતાના કર્મચારીઓના વેતન નક્કી કરવા માટે વેતનપંચની રચના કરે છે તેવી જ રીતે ખેડૂતોની આવક નક્કી કરવા માટે એક ખેડૂત આવકપંચ બનાવવું જરૂરી છે.

જેમ સરકાર દરેક પ્રકારના મજૂર માટે લઘુત્તમ વેતન નક્કી કરે છે તેવી જ રીતે ખેડૂત માટે પણ કામ થવું જોઈએ. જે રીતે સરકાર ઓછામાં ઓછા કાગળ પર રોજગારીની વાત કરી રહી છે તે રીતે આગળ વધવાની જરૂર છે. ખેડૂતને આવકની ગેરેન્ટી માટે કાયદો બને તે પણ ખૂબ જરૂરી છે. કૃષિના ક્ષેત્રમાં વર્ષોથી ધ્યાન આપવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ આ દિશામાં કોઈ નક્કર પહેલ થઈ નથી. ખેડુતોને પાણીની સમસ્યા પણ હમેંશા નડે છે. આ દિશામાં પ્રયાસો થઈ રહ્યા નથી.



### આધુનિક લાઇફસ્ટાઇલ-ખાવા પીવાની ખરાબ ટેવથી મુશ્કેલી....

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે

**ભાગદોડની લાઇફમાં સ્વાદને આરોગ્ય કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે : આરોગ્યને લઇને શિસ્તમાં રહેવાની જરૂર છે**

દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઈ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઈ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઈ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે.

હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઈ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઈ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે. આરોગ્ય માટે કઈ ચીજ ખાવી જોઈએ અને કઈ નહી તેને લઈને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઈ રીતે ચેડા થઈ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે.

પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઈંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઈંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને



શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઈ જાય છે.

ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઈને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઈને કોઈ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઈ વ્યક્તિ માંસાહરી છે અને કઈ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતી આવી બની ગઈ છે કે અમે કોઈ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઈ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઈ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઈંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતીમાં ઈંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઈ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.

### સર્વેમાં કેટલીક બાબત સપાટી પર
### બર્ગર અને પિજ્જા પણ જંક ફુડની કેટેગરીમાં...

દેશમા ૨૧ રાજ્યોને લઈને હાલમાં રસપ્રદ સર્વે કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. સેપલ સર્વેમાં ૭૦ લોકો નોન વેજિટેરિયન હોવાની વિગત સપાટી પર આવી છે. વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની વાત કરવામાં આવે તો તેલંગાણામાં ૯૮.૭૦ ટકા લોકો નોન વેજિટેરિયન છે જ્યારે રાજસ્થાનમાં ૭૪.૯૦ ટકા લોકો વેજિટેરિયન છે. બંગાળમાં ૯૮.૫૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. આંધ્રપ્રદેશમાં ૯૮.૨૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. ભારતમાં ફાસ્ટ ફુડનો કારોબાર હવે સતત વધી રહ્યુ છે. ભારતમાં હાલમાં ફાસ્ટ ફુડના કારોબારનુ કદ ૮૫૦૦ કરોડની આસપાસ છે. એક અંદાજ મુજબ જે ગતિથી ફાસ્ટ ફુડના કારોબારમાં વધારો થઈ રહ્યો છે તે જોતા વર્ષ ૨૦૨૦ સુધી ફાસ્ટ ફુડનો કારોબાર દેશમાં ૨૫૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. જંક ફુડમાં બર્ગર, પિજ્જા તો આવે છે પરંતુ ચિપ્સ અને કેન્ડી જેવી ચીજો પણ આંમાં આવી જાય છે.

# ચારિત્ર માણસનાં જીવનનું પવિત્ર આભૂષણ છે




**મન ઉપવન**

મુકેશ આંજણા

મનુષ્ય જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માટે ખરાં-ખોટાં રસ્તા તરફ વળે છે. તેના લીધે પોતાનાં જીવનમાં હકારાત્મક સારું પરિણામ મેળવી શકતો નથી. સુખને પામવા માટે સાવ નીચલી કક્ષાનું કામ કરતા માણસ ખચકાતો નથી. દેશના મહાન સંતોના ઉપદેશથી ફલિત થાય છે કે આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી. કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને તેનામાં દ્રઢતા અને નિગ્રહશક્તિ હોય છે. તે માર્ગ જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. અંતરની સફાઈ કરવા માટે કાયમી માટે દુર્ગુણો પર કાબૂ મેળવે છે, તે માનવી જીવન પર વિજય પ્રાપ્ત કરે છે. ક્રોધ જીવનને બાળી દે છે. ચારિત્ર માણસનાં જીવનનું આભૂષણ છે. તે કલંકિત થાય છે ત્યારે જીવનમાં ગુમાવવા જેવું કશું બાકી રહેતું નથી. સંતશ્રી રાજારામજી મહારાજે ક્રોધથી દૂર રહેવા માટે અને ચારિત્રની સદાય રક્ષા કરવા માટેનો ઉપદેશ આપેલ છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે જે માણસે પોતાનું ચારિત્ર ગુમાવી દીધું છે, તેનાં જીવનમાં ગુમાવવા જેવું કશું બચતું નથી. આ દુનિયામાં ધનની હાનિને માણસ સૌથી મોટી હાનિ માને છે, પરંતુ જે માણસે ચારિત્ર ગુમાવી દીધું છે તેનાથી સમાજ, કુટુંબને સૌથી મોટી હાનિ થાય છે અને તેના પર કોઈ વિશ્વાસ પણ કરતું નથી. તેવા લોકો પાસે સજ્જન માણસો બેસવાનું પણ પસંદ કરતા નથી. સારા માણસો તો ચારિત્રહીન ધરાવતા લોકોના પડછાયાથી દૂર ભાગતા હોય છે. ચારિત્રહીન માણસો પોતાને તો કલંકિત કરે છે, પણ સાથે-સાથે પોતાનાં કુળને પણ કલંકિત કરે છે. તે પોતાની



ખાનદાનની પ્રતિષ્ઠા પર દાગ લગાડે છે. એટલે જ કહેવાય છે કે જેનું ચારિત્ર કલંકિત થયેલ છે. તેનાં જીવનમાંથી બધું ચાલ્યું જાય છે. ચારિત્ર માણસનાં જીવનની સૌથી મોટી પૂંજી છે. ચારિત્ર અણમોલ છે. ચારિત્ર જીવનની સફળતાની સીડી છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ચારિત્ર જેવું મૂલ્યવાન આભૂષણ માણસ ખોઈ બેસે છે ત્યારે તે કંગાળ અને નિર્ધન બની જાય છે. જયારે ચારિત્ર વ્યક્તિનું મનોબળ વધારે છે. ચારિત્રવાન માણસ સંસારની પ્રત્યેક વસ્તુને પ્રાપ્ત કરે છે. માણસનાં જીવનમાં ચારિત્ર કલંકિત થાય છે ત્યારે તમામ સંસ્કારો નષ્ટ થઈ જાય છે. સંસ્કાર નષ્ટ થતાં એક ક્ષણ પણ લાગતી નથી. જયારે માણસનાં જીવનમાં સંસ્કાર આવતાં વર્ષોનાં વર્ષો લાગી જાય છે. ચારિત્રહીન માણસોને અપમાન, તિરસ્કાર મળે છે. તે ગમે તેટલો મોટો ધનવાન હોવા છતાં પણ વાસ્તવિકત રીતે વિશ્વાસહીન માણસ કહેવાય છે.

શ્રી રાજારામજી મહારાજ કહે છે કે ''દરેક મા-બાપને પોતાનાં બાળકોને ચારિત્રવાન બનાવવા માટે કોશિશ કરવી જોઈએ. જે માણસ ચારિત્રનું મહત્ત્વ સમજે છે. તેનું જીવન પુણ્યશાળી બની જાય છે. ચારિત્ર ગુમાવી દીધું છે તે વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકતો નથી.'' માણસ પોતાનાં શરીર પર કપડા પહેરે છે તેનાથી અંગ ઢાંકી શકાય છે, પરંતુ માનવી પોતાના સંસ્કાર ઢાંકી શકતો નથી. જયારે કપડાં મેલાં થઈ જાય છે ત્યારે સાબુથી ધોઈને તેને સ્વચ્છ કરી શકાય છે, પરંતુ ચારિત્રનું કલંક લાગી ગયાં બાદ તેને આજીવન દૂર કરી શકાતું નથી એટલે કે આ સંસારમાં કોઈ પણ માણસ પોતાનાં ચારિત્રને કલંક લાગ્યા બાદ સાબુથી ધોઈને પણ સાફ કરી શકતો નથી....

બાળકોનાં માતા-પિતાને મહાન પુરુષોનાં ચારિત્ર સાથે જોડાયેલી વાર્તાઓ સંભળાવવી જોઈએ. તેની પ્રેરણાથી બાળકો પોતાનું જીવન શણગારી શકે છે. શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે , ''ચારિત્રવાન માણસોની સમાજ પણ ઈજ્જત કરે છે અને ખરાબ ચારિત્ર ધરાવનાર માણસોનો સમાજ તિરસ્કાર કરે છે. ચારિત્ર પર ઠેસ પહોંચે તેવું કોઈ પ્રકારનું કાર્ય કરવું જોઈએ નહીં''

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ''કોઈ પણ માણસ હોય તેને ક્રોધથી દૂર રહેવું જોઈએ તેવો ઉપદેશ આપ્યો હતો. શ્રી રાજારામજી મહારાજ કહ્યું છે કે ક્રોધ માણસના ચહેર પર પણ વિકૃતિ પેદા કરે છે અને માણસમાં ક્યારેક ડર પણ પેદા કરે છે. ક્રોધ કરવાથી માણસ ઘણી વખત ખોટો નિર્ણય લઈ લે છે. જેના કારણે જીવનમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે.''

દુઃખ ન જોઈતું હોય તો આપણે આપણામાં રહેલા ઘણા બધા દોષોને દૂર કરવા જોઈએ. એ વાત સાદી અને સરળ લાગે છે કે પોતાને બુદ્ધિમાન કહેવડાવીએ છીએ, છતાં આપણને સમજાતી નથી. આપણે ક્રોધને લીધે બીજાઓને પણ દુઃખી કરીએ છીએ. માનવ-સમાજની રક્ષા માટે ચારિત્રવાન માણસોની ખૂબ જ જરૂર છે. જ્યાં ચારિત્રવાન માણસો છે, ત્યાં પુણ્યશાળી આત્માઓ બિરાજમાન થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT


ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com




# ઇન્ડોનેશિયામાં ધરતીને ધ્રુજારી, ૫.૯ ની તીવ્રતાનો અનુભવ

। જકાર્તા,તા.૮ ।

ઈન્ડોનેશિયાના હવામાનશાસ્ત્ર, આબોહવાશાસ્ત્ર અને ભૂ-ભૌતિકશાસ્ત્ર એજન્સી અનુસાર,સવારે ઈન્ડોનેશિયાના પશ્ચિમ આચેહ પ્રાંતમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. શરૂઆતમાં, એજન્સીએ ભૂકંપની તીવ્રતા ૬.૨ જણાવી હતી, પરંતુ પછીથી તેને ઘટાડી દીધી. જોકે, આ ભૂકંપથી હજુ સુધી કોઈ નુકસાન થયું નથી. એજન્સીના જણાવ્યા અનુસાર, ભૂકંપ મંગળવારે જકાર્તા સમય મુજબ સવારે ૨:૪૮ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ સિમેયુલુ રીજન્સીમાં સિનાબુંગ શહેરથી ૬૨ કિમી દક્ષિણપૂર્વમાં, સમુદ્ર સપાટીથી ૩૦ કિમી નીચે સ્થિત હતું.ભૂકંપથી સમુદ્રમાં મોટા મોજા ઉછળવાની શક્યતા ન હોવાથી સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી ન હતી. ‘‘ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં, ખાસ કરીને સિમેયુલુ રીજન્સીમાં, જે સૌથી વધુ અસરગ્રસ્ત હતું, હજુ સુધી કોઈ ગંભીર નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી,’’ પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન અને શમન એજન્સીના વરિષ્ઠ અધિકારી ઝોપાન એ, શિન્હુઆ સમાચાર એજન્સીને જણાવ્યું.તમને જણાવી દઈએ કે ઈન્ડોનેશિયા એક દ્વીપસમૂહ રાષ્ટ્ર છે, જે ભૂકંપની દ્રષ્ટિએ સક્રિય પેસિફિક રિંગ ઓફ ફાયર પર સ્થિત હોવાને કારણે ભૂકંપ માટે સંવેદનશીલ છે. દેશમાં ૧૨૭ સક્રિય જ્વાળામુખી છે અને તેના કારણે અહીં સતત ટેક્ટોનિક પ્રવૃત્તિ ચાલુ રહે છે. ભૂકંપથી હજુ સુધી કોઈ નુકસાન થયું નથી.

